જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૨/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૩૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૫૨	૪	૧૧૨૫૬	૧૭૩૮૪	૦	૧૭૩૮૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૧	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૧૫	૨૮	૨૮૯૪૩	૩૦૨૩૩	૨૫	૩૦૨૫૮
કુલ		૪૪૯૩૮	૩૨	૪૪૯૭૦	૫૪૧૧૮	૨૬	૫૪૧૪૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૯	૧૨,૮૭,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૩૦	૩,૩૦,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

પ્રોહીબિશનના ગુનામા છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા--ફરતા/વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય અને હાલમા નાસતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઇવ ચાલુ હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ તથા લોકરક્ષક સચીન નારણભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે ઇસનપુર સિતારામની મઢુલી ત્રણ રસ્તા પાસેથી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-સી-૧૧૧૯૧૦૨૨૨૦૦૯૧૨/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫એ,ઇ,૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપી જીજ્ઞેશ ઉર્ફે જીગા ટુ.ટ્વેન્ટી સ/ઓ હરિશભાઇ લક્ષ્મણભાઇ વાઘેલા ઉ.વ ૨૪ રહે મ.ન બી/૩ શંકુભવન આનંદપાર્ક મઢુલીની બાજુમા ઇસનપુર અમદાવાદ શહેરનાને તા.૧૮/૦૨/૨૦૨૧ ના કલાક ૧૪/૦૦ વાગે પકડી પાડવામા આવેલ છે.તા.૧૯/૦૨/૨૦૨૧



શહેરકોટડા પોલીસ સ્ટેશન :

પેરોલ ફર્લોના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી શહેરકોટડા પોલીસ

પોલીસ કમિશ્નર.શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રી આર.વી.અસારી સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબ તથા એ.સી.પી.શ્રી હીતેષ ધાંધલીયા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સી.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.જે.રાજપુત સાહેબ તથા સે.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.બી.ડાભી સાહેબ નાઓની સુચના આધારે મ.સબ.ઇન્સ.રોહિતસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૩૮૬૯ તથા પો.કો.હસમુખકુમાર કાનજીભાઈ બ.નં.૩૨૬૩ તથા અ.પો.કો.મુકેશકુમાર વલ્લભભાઈ બ.નં.૭૬૧૪ તથા અ.પો.કો.સવજીભાઈ ત્રિકમભાઈ બ.નં.૧૩૦૮૬ તથા અ.પો.કો.રજનીકાંત વિઠ્ઠલભાઈ બ.નં.૯૧૮૩ તથા બીજા સ્ટાફના માણસો સાથે અમદુપુરા ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન અ.પો.કો.મુકેશકુમાર વલ્લભભાઈ બ.નં.૭૬૧૪ તથા અ.પો.કો.સવજીભાઈ ત્રિકમભાઈ બ.નં.૧૩૦૮૬ નાઓની સયુંક્ત બાતમી હકીકત આધારે અમદુપુરા સફલ-૪ પાસે વોચ ગોઠવી આરોપી નામે પાકા કેદી નં.બ/૩૬૩૭૬ અમ્રુતભાઈ બુધાભાઈ ઠાકોર રહે.૧૭૫/૬ શિવશક્તિનગર ઔડાના મકાન સફલ-૪ ની બાજુમાં અમદુપુરા અમદાવાદ શહેર નાને પકડી પુછપરછ કરતા સદરી ઈસમ નામદાર ગુજરાત હાઈકોર્ટના કુકમ ક્રમાંક ક્રિમી મીસ.અ.નં.૧૫૬૪ તા.૧૧/૦૪/૨૦૨૦ ના સંદર્ભથી દિન-૬૦ ના વચગાળા મંજુર તથા દિન-૨૦૪ ના વધારા સાથે કુલ-૨૬૪ દિવસ માટે તા.૧૧/૦૪/૨૦૨૦ ના રોજ સાબરમતી જેલ ખાતેથી વચગાળા રજા પર મુક્ત કરવામાં આવેલ અને તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ જેલ ખાતે હાજર થવાનું હતુ પરંતુ હાજર ન થતા ફરાર થઈ ગયેલ હોય સદરી ઈસમ વિરુધ શહેરકોટડા પોલીસ સ્ટેશન એન.સી.ફરીયાદ નં.૩૮/૨૧ તા.૧૮/૦૨/૨૦૨૧ ના રોજ પ્રિઝનર એક્ટ કલમ-૫૧/એ તથા ૫૧/બી મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ હોય ગુનામાં પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો ફરતો હોવાની હકીકત જણાવતા ઉપરોક્ત ગુનાના કામે પકડી આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહિ કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે આજ રોજ તા.૧૯/૦૨/૨૦૨૧ ના રોજ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે. તા.૧૯/૦૨/૨૦૨૧.

પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી પાલારા જેલ ભુજ મોકલી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી દિલિપસિંધ ભગવાનસિંધ જાતે રાજપુત (બઘેલ´ રહે-મ.નં.૨૦ ગજરાવાડી રો-હાઉસ હોટેલ સાઇ પેલેસ ની બાજુમા ઓઢવ રિંગરોડ સર્કલ ઓઢવ અમદાવાદ શહેર તથા ૮૦Ãર રાજીવનગર રોયલ હોટલની નજીક એસ.પી. રિંગરોડ ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન- ગામ તિંદોખર તા-જોહરા થાના –ચિન્નોની ચંબલ જી-મુરૈના મધ્યપ્રદેશ નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૨૭૮/૨૦૨૦ તા.૧૯/૦૨/૨૦૨૧ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજ રોજ કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાલારા જેલ ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૧૯/૦૨/૨૦૨૧

સારી કામગીરી કરનાર અધિકારી / કર્મચારીઓ:-

એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧

❖ આરોપીનો ફોટો :-



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૩૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૧૯૭ લીટર દેશી દારૂ, ૩૪૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૩ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૦૧ કાર, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૩૩૭/૨૦૨૧**

સેટેલાઇટ : સુનિતાબહેન વા/ઓ જગદંબા શાહ (ઉ.વ.૬૫)(રહે.શિરોમણી એપાર્ટમેન્ટ નહેરૂનગર પાસે, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૨/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૧૯/૦૨/૨૦૨૧ સવારના ૮/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો અને સ્ટોપર તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીના દાગીના, કાંડા ઘડીયાળ અને રોકડ રૂપિયા ૧,૪૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૨૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

નિકોલ : સુખદેવભાઇ પોપટલાલ પુરોહીત (રહે.ધરતી સોસાયટી, શિરોમણી બંગ્લોઝ ની બાજુમાં, સગુરૂ ગાર્ડનની પાસે, નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૨/૨૧ સવારના ૮/૦૦ થી તા.૧૭/૦૨/૨૧ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી નાસી ગયા :- **સમાચાર યાદી નં.૩૩૮/૨૦૨૧**

નિકોલ : વિકીભાઇ મુકેશભાઇ ઉપાધ્યાય (ઉ.વ.૨૮)(રહે.કે.પી.રેસીડેન્સી, અવકાશ સોસાયટી પાછળ, નિકોલ કઠવાડા રોડ, નિકોલ) તા.૦૧/૦૨/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પત્ની તૃપ્તીબેન સાથે નિકોલ ગોપીનાથ હાઇટસ સામે રોડ ઉપર ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભેગામળી વિકીભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિકીભાઇ ઉપાધ્યાય એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

<u>ચોરી :-</u> **<u>સમાચાર યાદી નં.૩૩૯/૨૦૨૧</u>**

એલીસબ્રીજ : હેમંતકુમાર પરષોતમલાલ શર્મા (ઉ.વ.૪૫)(રહે.સુલેહ રો-હાઉસ, બકેરી સીટી વેજલપુર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૨/૨૦૨૧ સાંજના ૬/૪૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન નહેરૂબ્રીજ ચાર રસ્તા પાસે, આસોપાલવ સાડીના શો-રૂમની સામે ફુટપાથ નજીક રોડ ઉપર પાર્ક કરેલ પોતાની કારનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી બે બેગની ચોરી કરી લઇ ગઇ હતી. જે એક બેગમાં અગત્યના દસ્તાવેજો અને બીજા બેગમાં લેપટોપ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-, રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રબારી ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> **<u>સમાચાર યાદી નં.૩૪૦/૨૦૨૧</u>**

રીવરફ્રન્ટ વેસ્ટ : કમલેશભાઇ વિજયભાઇ રાજપુત (ઉ.વ.૨૨)(રહે.વટવા ચાર માળીયા સદભાવના નગર ટેકરા- ૧ ની સામે, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૨/૨૦૨૧ ના કલાક ૭/૦૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રન્ટ પશ્ચિમ કિનારે ઘાટ નં.૦૮ આગળ રીવર ફ્રન્ટ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇલ્યાસમીયા મહંમદમીયા ચલાવે છે.

ગોમતીપુર : વિશાલભાઈ બાબુભાઈ ચાવડા (ઉ.વ.૧૭)(રહે.શેઠ કોઠાવાળા વોરાની ચાલી, ડી-૩૦ દવાખાનાની સામે, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૨/૨૦૨૧ સાંજના ૪/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનોપસિંહ કિશોરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી